–: પ્રેસનોટ :–

અમદાવાદ શહેરમાં ભારત સરકારના બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું બાંધકામ સાબરમતી થી વટવા સુધીનું પાયલોટીંગનું કામ તથા સેગમેન્ટ લગાવવાનું કામ દિનેશચંદ્ર આર.અગ્રવાલ ઇન્ફ્રાકોન પ્રા.લી. કંપની દ્વારા કરવામાં આવી રહેલ છે. આ કામકાજ અંતર્ગત શાહીબાગ વિસ્તારમાં આવેલ 'આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી રેલ્વે ઓવર બ્રીજ' ની આજુબાજુ બુલેટ ટ્રેનના પીલ્લર લગાવેલ હોય જે બ્રિજ ઉપરથી પસાર થતા બુલેટ ટ્રેનના ટ્રેકના પિલ્લરો ઉપર સેગમેન્ટ લગાવવાની કામગીરી કરવામાં આવનાર છે. આ કામગીરી **તા.૩૧/૭/૨૦૨૫ થી તા.૧/૯/૨૦૨૫ સુધી દિવસ–રાત (૨૪.૦૦ કલાકના) સમયગાળા દરમિયાન** ચાલનાર છે.

સદરહું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

વાહનોની અવર–જવર માટે પ્રતિબંધિત માર્ગ	**વૈકલ્પિક માર્ગ**
નમસ્તે સર્કલથી રાજસ્થાન હોસ્પીટલ સુધીનો 'આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી રેલ્વે ઓવર બ્રીજ' ના બન્ને છેડા તરફની વાહનોની અવર–જવર તા.૩૧/૭/૨૦૨૫ થી તા.૧/૯/૨૦૨૫ સુધી બંધ રહેશે.	**ફક્ત ટુ–વ્હીલર,થ્રી–વ્હીલર તેમજ ફોર વ્હીલર વાહનો માટે:** **૧.** શાહીબાગ ઘેવર સર્કલ,રાજસ્થાન હોસ્પીટલ તરફથી આવતો ટ્રાફિક કે જે નમસ્તે સર્કલ તરફ જવા માટે બ્રીજની બાજુના રસ્તેથી બ્રીજની નીચે થઇ શનિદેવ મંદિર થઇ શાહીબાગ અંડર પાસ થઇ જુની પોલીસ કમિશનરશ્રીની કચેરી થઇ નમસ્તે સર્કલ તરફ જઇ શકશે. **૨.** રાજસ્થાન હોસ્પિટલ,ઘેવર સર્કલ તરફ જવા માટે નમસ્તે સર્કલથી જુની પોલીસ કમિશનરશ્રીની કચેરી થઇ શાહીબાગ અંડરપાસ થઇ નાગપાલ દવાખાના થઇ સરદાર પટેલ સ્મારકથી જમણી બાજુ યુ–ટર્ન લઇ શનિદેવ મંદિર થઇ 'આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી રેલ્વે ઓવર બ્રીજ' ની બાજુના રસ્તે થઇ રાજસ્થાન હોસ્પિટલ તથા ઘેવર સર્કલ તરફ જઇ શકાશે. **ભારે વાહનો માટે:** રાજસ્થાન હોસ્પિટલથી નમસ્તે સર્કલ જવા માટે રાજસ્થાન હોસ્પીટલથી 'આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી રેલ્વે ઓવર બ્રીજ' ની બાજુના રસ્તેથી બ્રીજ નીચેના ચાર રસ્તાથી ડાબી બાજુ વળી સીધા શ્રી મહાકાળી મંદિર સર્કલથી જમણી બાજુ વળી 'બાબુ જગજીવન રામ' રેલ્વે ઓવર બ્રીજ થઇ ઇદગાહ સર્કલથી જમણી બાજુ વળી દરીયાપુર સર્કલથી દિલ્હી દરવાજાથી જમણી બાજુ થઇ નમસ્તે સર્કલ તરફ અવર–જવર કરી શકાશે.

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા.૨૯/૭/૨૦૨૫

(એન.એન.ચૌધરી)
સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક,અમદાવાદ શહેર